# મિડલ ઈસ્ટમાં યુધ્ધના ઓથાર તળે ભારતનું આર્થિક ભવિષ્ય કેવું હશે?

સારાંશ

★વિન્સી મરચન્ટ



ભારતનું વર્તમાન અર્થતંત્ર ફૂલગુલાબી છે અને હાલના તહેવારોની મોસમમાં વધુ તેજસ્વી જણાશે. ગયા સપ્તાહમાં ભારતની આર્થિક પરિષદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, રાબેતા મુજબ, દેશના આર્થિક વિકાસ બાબતે ઘણો આશાવાદ પ્રગટ કર્યો હતો. એકંદરે વરસ સારું છે, ચોમાસાનો પાક પણ મબલખ થયો છે પરંતુ આંકડાઓ બતાવે છે કે ગયા વરસમાં દશેરા અને દિવાળી તેમ જ નવા વરસના દિવસોમાં અર્થતંત્ર જે રીતે ચળકતું ગુલાબી હતું એવું આ વરસે નથી. મોદીએ આર્થિક પરિષદમાં કહ્યું હતું દુનિયા હવે ભારતના આર્થિક ઉત્થાન સાથે કદમ તાલ મિલાવી રહી છે. દુનિયામાં દરેક દેશો ભારતના આર્થિક મોડેલની પ્રશંસા કરી રહ્યા છે. ભારતમાં વસતિની પેટર્ન (ડેમોગ્રાફી) સાનુકૂળ અને ઈચ્છનીય સ્થિતિમાં છે. વિકાસનો દર ઝડપી છે અને ટેક ઉદ્યોગ પુરબહાર ખીલી રહ્યો છે અને હજી વધુ ને વધુ ખીલશે. આવાં કારણોથી જગતનું ધ્યાન ભારત તરફ આકર્ષાયેલું છે તેમ મોદીનું કહેવું હતું.

વડા પ્રધાન દેશના અર્થતંત્ર માટે બુલીશ છે પરંતુ વર્તમાનમાં બહાર પડેલાં આંકડાઓ બતાવે છે કે કેટલાંક અંતરાયો અને અડચણો આવી ગયાં છે અથવા આવવાની તૈયારીમાં છે. ખાસ કરીને હમણાંનાં વરસોનો નેત્રદીપક વિકાસ બાદ આ વરસે અર્થતંત્ર થોડું ઠંડું પડશે. અમુક નિષ્ણાતોના કહેવા પ્રમાણે શરૂઆત થઈ ચૂકી છે. અર્થતંત્રી તેની ઝડપ ગુમાવી રહ્યું છે. સત્તાવાર અદ્યતન આંકડાઓ મુજબ ગયા એપ્રિલથી જૂન દરમિયાન સરેરાશ વાર્ષિક વિકાસ દર 7.8 પરથી ઘટીને 7.7 % થયો છે. તે અગાઉના ત્રિમાસિકમાં 7.8 % હતો. લગભગ એક વરસ સુધીની તેજી બાદ આ સ્થિતિ પ્રથમ વખત જોવા મળી છે.

થોડા દિવસો અગાઉ જે ડેટા પ્રસિદ્ધ કરવામાં આવ્યો તે બતાવે છે કે રફતારમાં કમી ચાલુ રહી છે. તેલ, કોલસો, વીજળીનું કુલ ઉત્પાદન ઓગસ્ટમાં ઘટ્યું હતું. છેલ્લાં ત્રણ વરસમાં આ ઓગસ્ટમાં પ્રથમ વખત આ પ્રકારની, અર્થતંત્રની નાડી રજૂ કરતી, આઠ ચીજવસ્તુઓનાં ઉત્પાદનો ઘટ્યાં છે. અગાઉના વરસના સપ્ટેમ્બર મહિનાની સરખામણી આ વરસના સપ્ટેમ્બર સાથે કરવામાં આવે તો મોટરકાર્સના વેચાણમાં 19 % જેવો ખાસ્સો ઘટાડો નોંધાયો છે. આર્થિક સ્થિતિનું પ્રતિબિંબ આપતા ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)નું કલેક્શન છેલ્લાં ત્રણ વરસ બાદ સપ્ટેમ્બરમાં સૌથી નીચે રહ્યું હતું. આ બધાની અસર ભારતના શેરબજાર પર જણાઈ રહી છે. જો કે ખૂબ ઉછાળો જોયા બાદ, અમસ્તીય આ પ્રકારની સ્થિતિ થવી સ્વાભાવિક છે તો પણ છ દિવસ સુધી બજાર ઘટતું રહ્યું હતું. તેનું કારણ ભારતની આર્થિક સ્થિતિ હોય તે જરૂરી નથી. મુખ્ય કારણ તો ઈઝરાયલ અને ઈરાન વચ્ચે મોટું યુધ્ધ ફાટી નીકળવાની મજબૂત જણાતી શક્યતા છે.

અખાત અને મધ્યપૂર્વના દેશોમાં યુધ્ધ ફાટી નીકળે તો તેલના ભાવ વધવાની શક્યતા છે. જો કે અન્ય સૂત્રો કહે છે કે તેલની કિંમતોમાં વધારો થશે નહીં. ઈઝરાયલ ઈરાનની રિફાઈનરીઓ અને કૂવાઓને નિરર્થક બનાવે તો પણ. આમેય ઈરાન પર આર્થિક પ્રતિબંધો લદાયેલા છે. તે છૂટથી વેપાર કરી શકતું નથી અને જગતના તેલના કુલ પુરવઠામાં ઈરાનનો ફાળો 2%નો છે પરંતુ ઈઝરાલયના હુમલાના જવાબમાં ઈરાન સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ અમીરાત, જોર્ડન જેવા દેશોની રિફાઈનરીઓ પર હુમલો કરી તેને નિરર્થક બનાવી શકે છે. સાઉદી અરેબિયાની 'આરામકો' રિફાઈનરી પર થોડાં વરસો અગાઉ ઈરાને હુમલો કર્યો જ હતો. આ વખતે પણ ઈરાને ઈરાક અને સિરિયા સિવાયના આરબ દેશોને તે દેશોમાંના પોતાનાં રાજદૂતો દ્વારા ધમકીઓ આપી છે કે જો તેઓ પોતાના દેશોના આકાશ મારફતે ઈઝરાયલી મિસાઈલો અને વિમાનો ઈરાન તરફ પસાર થવા દેશે, ઈઝરાયલને એર સ્પેસ પૂરી પાડશે તો ઈરાન આરબ દેશોની રિફાઈનરીઓ અને કૂવાઓને નિશાન બનાવશે. જો આવું થાય તો દુનિયામાં તેલની કિંમતો ખૂબ ઊંચે જાય. દુનિયાના દેશોમાં ફુગાવો અને મોંઘવારી વધી જાય. આ કારણથી અમેરિકા-ઈઝરાયલને ઈરાનનાં પરમાણુ મથકો અને રિફાઈનરીઓ પર હુમલા કરતા અટકાવી રહ્યું છે.

ભારત પોતાની જરૂરિયાતના 85 % ઓઈલ વિદેશોમાંથી આયાત કરે છે. અમેરિકા અને નાટો દેશોની આણ નહીં સ્વીકારીને ભારતે રશિયાથી તેલ મંગાવવાનું ચાલુ રાખ્યું છે. ઈરાન અને રશિયા મિત્રો છે. બીજી તરફ ભારતે ઈઝરાયલ પ્રત્યે હમદર્દી બતાવી છે પણ ઈઝરાયલની દરેક વાત ભારત માન્ય રાખતું નથી છતાં યુદ્ધ કેવું વિકરાળ બને છે? અને યુધ્ધ આગળ વધશે કે કેમ તેના પર ભારતના અર્થતંત્રનો આધાર રહેશે પણ આ સંભવિત યુધ્ધની સીધી કે આડકતરી રીતે દુનિયાના તમામ દેશો આવી જવાના છે માટે સહુનું જે થશે તે વહુનું થશે એ ન્યાયે ભારતે એ સ્થિતિ સ્વીકારી લેવી પડશે. તેલની કિંમતો વધશે તો ભારતમાં મોંઘવારી વધશે અને વિકાસની ગતિ ધીમી પડશે. એક ગણતરી મુજબ જો તેલના બેરલની કિંમત 10 ડોલર વધે તો ભારતની GDPમાં 0.4 %નો ઘટાડો થાય છે. GDP ઘટશે તો સરકારોનાં માળખાકીય બાંધકામો અને બીજા ખર્ચાઓ ઘટશે જે મંદીને ઉત્તેજન આપશે. ભારતનાં અર્થ મંત્રાલયે આ સ્થિતિ અને જોખમોની નોંધ લીધી છે. સરકાર તેને શરૂઆતનાં અમંગળ લક્ષણો ગણાવી રહી છે પરંતુ ઘણા નિષ્ણાત પોલીસી મેકરો આ સ્થિતિને હંગામી અડચણો ગણાવી રહ્યા છે. તેમના મતે વધુ પડતાં ડરવાની જરૂર નથી. રિઝર્વ બેન્કે તેના વ્યાજદરોમાં ફેરફાર કરવાનું મુનાસિબ માન્યું નથી અને ચાલુ નાણાંકીય વરસ દરમિયાન વિકાસ દર 7.2 % રહેશે તેવું ભવિષ્યકથન રિઝર્વ બેન્કે ભાખ્યું છે.



**અખાત અને મધ્યપૂર્વના દેશોમાં યુધ્ધ ફાટી નીકળે તો તેલના ભાવ વધવાની શક્યતા છે. જો કે અન્ય સૂત્રો કહે છે કે તેલની કિંમતોમાં વધારો થશે નહીં. ઈઝરાયલ ઈરાનની રિફાઈનરીઓ અને કૂવાઓને નિરર્થક બનાવે તો પણ. આમેય ઈરાન પર આર્થિક પ્રતિબંધો લદાયેલા છે. તે છૂટથી વેપાર કરી શકતું નથી અને જગતના તેલના કુલ પુરવઠામાં ઈરાનનો ફાળો 2%નો છે**

મોદીના મતે વિકાસદરમાં થોડી ઊણપ કદાચ સંભવે તો પણ ભારત દુનિયાનો સૌથી વધુ ઝડપે વિકાસ સાધનારો દેશ બની રહેશે. તે પોતાનો પ્રથમ ક્રમ ગુમાવશે નહીં. બીજી તરફ રાહુલ ગાંધીએ અને કોંગ્રેસના ઉટપટાંગ જયરામ રમેશે હંમેશની માફક દેશને ડરાવવાનું ચાલુ રાખ્યું છે. એમના કહેવા પ્રમાણે દેશના અર્થતંત્ર પર ત્રણ કાળાં વાદળો ઘુમરાઈ રહ્યાં છે. તે વાદળોમાં એક, ઓછું ખાનગી મૂડીરોકાણ છે, ઉત્પાદન ક્ષેત્રમાં સ્થગિતતા આવી ગઈ છે અને મહેનતાણું તેમ જ મજૂરીના દરોમાં કમી આવી તે છે. આ ચિંતામાં તથ્ય પણ જણાય છે. ઉત્પાદન પ્રવૃત્તિઓ સ્થગિત થઈ છે તે મોદી સરકાર અને દેશ માટે ચિંતાનો વિષય બની શકે છે. એમની આ ત્રીજી સરકારનો એજન્ડા ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ સાધવાનો રહ્યો છે. જો કે વાત તો છેલ્લા 11 વરસથી ચાલી રહી છે પણ ભારત સરકારે કાબેલ અને ચતુર વર્કફોર્સ ઊભી કરવા માટે હજી સુધી કોઈ સરાહનીય પગલાં ભર્યાં નથી. સ્માર્ટ ફોન્સ વગેરેના નિર્માણમાં થોડી ઘણી પ્રગતિ થઈ છે પણ બીજાં અનેક ક્ષેત્રો રેઢાં પડ્યાં છે. ભારતમાં કોટન સૌથી વધુ પાકે છે પણ કપડાનાં ઉત્પાદન અને નિકાસમાં બાંગલા દેશ આગળ છે. ભારતનો કપાસ ખરીદીને ચીન પણ આગળ રહે છે. મોદીએ આ બાબતમાં ચિંતા વ્યક્ત કરી છે પરંતુ એ ચિંતાનો ઉપાય પણ સરકાર કાઢી શકે તેમ છે.

છેલ્લા આઠ મહિનાથી મેન્યુફેક્ચરિંગ સેક્ટર ખૂબ ધીમી ચાલે આગળ વધી રહ્યું છે. તામિલનાડુમાં સેમસંગ પ્લાન્ટની હડતાળ બીજા મહિનામાં પ્રવેશી ચૂકી છે. આવી હડતાળોની વાત આખી દુનિયામાં ફેલાય છે અને તેથી ભારતને ઈલેકટ્રોનિક હબ અથવા મથક બનાવવાની વાત દુનિયા માનતી કે સ્વીકારતી નથી. ભારતમાં 2018-19માં 43% લોકો ખેતીવાડીમાં કામ કરતાં હતાં. તે પ્રમાણ ઘટવાને બદલે 2023-24માં 46 % સુધી વધ્યું છે. જમીનનું પ્રમાણ એનું એ જ છે.

લગભગ સાડા છ કરોડ લોકો શહેરોનાં કારખાનાઓમાંથી ગામોમાં ખેતી કરવા પાછા ફર્યાં છે. એ સમયગાળામાં ચીજવસ્તુના ઉત્પાદન અને નિર્માણમાં 11% ટકા જેટલો ઘટાડો નોંધાયો. બેરોજગારીની સમસ્યા ઘટવાને બદલે વધી રહી છે. સપ્ટેમ્બરમાં બેરોજગારીનું પ્રમાણ 7.8 % રહ્યું. જો કે મોદી સરકારે આ તમામ સ્થિતિઓના સામના અને ઉપાયો માટે વ્યવસ્થિત યોજનાઓ ઘડી છે.